# પ્રેસ નોટ

**બેંકોમાં પર્સ ચોરી કરતા આરોપીને પકડી પાડતી કારંજ પો.સ્ટે.ના બે ગુન્હા તથા કાલુપુર પો.સ્ટે.ના બે ગુન્હા તથા મહેસાણા એ ડીવીઝન પો.સ્ટે.ના ગુન્હાઓ શોધી કાઢતી કારંજ પોલીસ**

મે.સેક્ટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન નાઓની મિલ્કત સબંધી ગુન્હા શોધી કાઢવા મળેલ સુચનાથી કારંજ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.એ.તળપદા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.નં.૬૨૫૧ તથા પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.નં. ૯૫૦૨ તથા પો.કો. શંકરભાઇ બાબરાભાઇ બ.નં.૧૩૦૮૮ તથા પો.કો. પંકજભાઇ ચેલાભાઇ બ.નં.૪૬૭૭ તથા પો.કો.જયદીપસિંહ ભીખાભાઇ બ.નં.૧૩૨૦૧ તથા લોકરક્ષક મુસ્તુફાખાન સરદાર ખાન બ.નં.૧૨૯૫૫ તથા પધ્યુમનસીહ ધનશ્યામસીહ તથા પો.કો દિનેશભાઇ ગલબાભાઇ બ.નં. ૫૭૨૦ વિગેરે સ્ટાફના માણસો સાથે કારંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧૭/૨૦૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ તથા કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૨૩/૨૦૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપી મુદામાલ સાથે તેમજ કાલુપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮/૧૮ IPC કલમ ૩૭૯ મુજબ તથા કાલુપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૧૭ IPC કલમ ૩૭૯ મુજબ તથા મહેસાણા જીલ્લા એ ડીવીઝન પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૪/૧૯ IPC કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપીઓ નામે જયંતીભાઇ ઉર્ફે જીતુ માવજીભાઇ દાફડા ઉ.વ ૩૯ ધધો મજૂરી રહે ૧૦૮ સોરાષ્ટ્ર શ્રમજીવી નગરના છાપરા ઉધ્ધવનગરની બાજુમાં જુનાવાડજ અમદાવાદ શહેરનાને પકડી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે તેમજ આરોપીએ ઇસનપુર, મણીનગર, પાલડી, નારણપુરા, નડીયાદ, સાણંદ, ઘાટલોડીયા વિગેરે જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી બેંકોની શાખાઓ માંથી પર્સ તેમજ મોનીટર ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ હોય જે બાબતે હાલમાં તપાસ ચાલુ છે.

